રાજયની બિનસરકારી અનુદાનિત
કોલેજોમાં અધ્યાપક સહાયકની
જગાઓ ભરવાની મંજુરી અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૧.૮.૨૦૧૬

વંચાણે લીધા-

૧. યુજીસી રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન ,૨૦૧૦, તા.૩૦.૬.૨૦૧૦.
૨. વિભાગના તા.૨૫.૮.૨૦૦૫, તા.૨૮.૩.૨૦૦૬ , તા.૧૬.૬.૨૦૦૮ તથા તા.૧૫.૬.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક- એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ.
૩. વિભાગનો તા.૧૪.૯.૨૦૧૧ અને તા.૯.૨.૨૦૧૫ નો સમાનાંકી ઠરાવ.
૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૧૪.૬.૨૦૧૬ ની દરખાસ્ત ક્રમાંક- કવટ-આઇએચસી-૮/ભરત/૨૦૧૬/૧૪૧૦૮

**પ્રસ્તાવના -**

રાજયમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણની કોલેજોમાં અધ્યાપકોની ભરતી પ્રક્રિયા અંગે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક- (૩) ના તા.૧૪.૯.૨૦૧૧ ના ઠરાવથી કેન્દ્રીયકૃત ભરતીથી જગાઓ ભરવા માટે ઠરાવવામાં આવેલ છે જે અંતર્ગત વિભાગના ક્રમાંક-(૩) ના તા.૯.૨.૨૦૧૫ ના ઠરાવથી રાજયની બિનસરકારી અનુદાનપાત્ર વિનયન, વાણિજ્ય, હોમ સાયન્સની કોલેજોમાં ૫૫૩ જગાઓ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અનુસરીને "અધ્યાપક સહાયક" તરીકે ભરવા મંજુરી આપવામાં આવેલ હતી. આ મંજુરી સામે કમિશ્નર કચેરીએ ૪૯૬ જગાના એન.ઓ.સી. ઇસ્યુ કરેલ અને ૫૭ એન.ઓ.સી. ઇસ્યુ કરવામાં આવેલ ન હતા. તેથી બાકી રહેતા ૫૭ એન.ઓ.સી. સામે રાજ્યની બિનસરકારી અનુદાનિત કાયદાની કોલેજોમાં ખાલી ૪૪ જગાઓ ભરવાની એન.ઓ.સી આપવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃ (૪) ના પત્રથી દરખાસ્ત કરેલી હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વઃ-**

રાજયની બિનસરકારી અનુદાનપાત્ર વિનયન, વાણિજય અને હોમસાયન્સ કોલેજોમાં ૫૫૩ જગાઓ અગાઉ મંજુર કરવામાં આવેલ હતી. આ જગાઓ મંજુર થયા બાદ વર્કલોડને આધારે ચકાસણી કરતાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીએ ૪૯૬ એન.ઓ.સી. ઇસ્યુ કર્યા હતા. પરંતુ તેઓની પાસે મંજૂર ૫૫૩ જગાઓ પૈકી ૪૯૬ એન.ઓ.સી. આપતાં હજુ ૫૭ એન.ઓ.સી. આપી શકાય તેમ હોવાથી કાયદાની અનુદાનિત કોલેજોમાં ખાલી જગાઓ કેન્દ્રીયકૃત ભરતી પ્રકિયા અનુસરીને ભરવા આપવાના થતા ૪૪ એન.ઓ.સી. આપવા વિભાગની મંજૂરી માંગવામાં આવેલ હોય તેને નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

Scanned by CamScanner

શરતો-

૧. ભરતી પ્રક્રિયા દરમ્યાન સરકારશ્રીની અનામત અંગેની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૨. આ ભરતી પ્રક્રિયા "અધ્યાપક સહાયક" ની મૂળ યોજના તથા વખતોવખત બહાર પાડવામાં આવેલ સુધારા મુજબ કરવાની રહેશે.

૩. નામદાર હાઇકોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવેલ હોય તેવી જગ્યાઓ ખાલી રાખીને બાકીની જગ્યાઓ ભરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિકુંજ જાની)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

રવાના ...
તારીખ ... ૧૧.૪.૧૯
સહી ...

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.શિ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- નાણાસલાહકારશ્રી(શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner